**iGOT** પોર્ટલ પર તાલીમ લેવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પરિપત્ર ક્રમાંકઃ SJED/AEW/e-file/17/2024/1304/E

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ઇ-સાઇન મુજબ

**વંચાણે લીધા:**

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૦૩/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: GAD/AST/e-file/1/2023/6493/ARTD-3

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૩/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક: ખફલ/૧૦૨૦૨૫/૬૧/ક

(3) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૧/૦૧/૨૦૨૬નો પત્ર ક્ર: GAD/AST/e-file/1/2023/7211/ARTD3

**પરિપત્ર:-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૦૩/૨૦૨૪ના ઠરાવ મુજબ રાજય સરકારની વિવિધ સેવાઓના વર્ગ.૧, વર્ગ.૨ અને વર્ગ.૩ ના ફરજરત અધિકારી/કર્મચારીઓએ દર વર્ષે ભારત સરકારશ્રી દ્વારા રચાયેલ iGOT કે રાજય સરકારના HRMS/SATHI/e-sarakar કે રાજય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ અન્ય ઓનલાઇન પ્લેટફોર્મ પર ઓછામાં ઓછી ૨૦ (વીસ) કલાકની તાલીમ લેવાની રહે છે, જે અન્વયે વિભાગ ખાતે કાર્યરત અધિકારી/કર્મચારીઓનું iGOT પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવામાં આવેલ.

વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૩/૨૦૨૫ના ઠરાવથી આ પ્રકારે ઓનલાઇન તાલીમ લેનાર વર્ગ.૧ અને વર્ગ.૨ ના અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલમાં આ માટે કુલ.૦૨ (બે) ગુણ આપવા જોગવાઇ કરેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૬ના પત્રની સૂચના મુજબ વિભાગ ખાતે કાર્યરત તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને iGOT “કર્મયોગી” પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કોર્ષ પૈકી દરેક માસમાં અલગ-અલગ ઓછામાં ઓછા ત્રણ થી ચાર કોર્ષની ફરજિયાત તાલીમ લેવા આથી જણાવવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિભાગ ખાતે iGOT પોર્ટલ અન્વયે Ministry/Department/Organization(MDO) તરીકેના રાઇટ્સ શ્રી કમલેશ પટેલ, મદદનીશ નિયામક(IT) પાસે છે. જેથી જરૂર જણાય તો વિભાગના અધિકારી/કર્મચારીઓએ iGOT પોર્ટલ પર રજીસ્ટ્રેશન/વેરીફીકેશન માટે શ્રી કમલેશ પટેલ, મદદનીશ નિયામક(IT)નો રૂબરૂ સંપર્ક કરવા આથી જણાવવામાં આવે છે.

**(સંગીતા પટણી)**

સેકશન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે સંયુક્ત/નાયબ/ઉપ સચિવશ્રીઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી કમલેશ પટેલ, મદદનીશ નિયામક(IT), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સેકશન અધિકારીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આપની શાખાના નાયબ સેકશન અધિકારીઓ/ઓફિસ આસિસ્ટન્ટના ધ્યાને મૂકવાની વિનંતી સહ.)
- રજીસ્ટ્રી ઇન્ચાર્જશ્રી, સ્ટોર ઇન્ચાર્જશ્રી, રોકડ શાખાના વડાશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારી (કો-સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર પરિપત્રની નકલ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૬.

*Signature Not Verified*

*Signed by:Sangita S. Patni*
*Section Officer*
*Date:2026.01.28*
*11:11:18 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*